તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૫૮ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૯૭ | ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૬, મંગળવાર ; ભાદરવા વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
27



# કાશ્મીર ભારતનું હતું અને રહેશે

## સંયુક્તરાષ્ટ્રમાં વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ પણ આક્રમક દેખાયા : દુનિયાના કેટલાક દેશોને ત્રાસવાદીઓને આશરો આપવા માટેના અને તેમને પાળવાના શોખ થઇ ગયા છે



નવીદિલ્હી,તા. ૨૬

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે પણ આજે આક્રમક નિવેદન કર્યું હતું અને પાકિસ્તાન ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બાદ સુષ્મા સ્વરાજે પણ આતંકવાદ, કાશ્મીર, ભારત પાકિસ્તાન વાતચીત, બલુચિસ્તાન સહિત અનેક મુદ્દાઓ ઉપર પાકિસ્તાનને જોરદાર જવાબ આપ્યો હતો. સુષ્માએ કહ્યું હતું કે, દુનિયાના કેટલાક દેશોને ત્રાસવાદીઓને આશરો આપવાની ટેવ પડી ગઈ છે. આવા દેશોને અલગ કરવાનો સમય આવી ગયો છે. સુષ્માએ કહ્યું હતું કે, પાકિસ્તાન કાશ્મીરના સ્વપ્ન જોવાનું બંધ કરે. કારણ કે કાશ્મીર ભારતનું હતું અને ભારતનું રહેશે. વિદેશ મંત્રી સુષમા સ્વરાજે યુનાઈટેડ જનરલ એસેમ્બલી સંબોધનમાં કાશ્મીર મુદ્દે પાકિસ્તાન જડબાતોડ આપ્યો. ખાસ કરીને નવાઝ શરીફે ભારત વિરુદ્ધ કરેલી ટિપ્પણીનો સુષ્મા સ્વરાજે આક્રમક કડક જવાબ સુષમા સ્વરાજે કહ્યું કે, ૨૧ સપ્ટેમ્બરે પાકિસ્તાને ભારત પર બે આરોપ લગાવ્યા હતા. પાકિસ્તાને ભારત પર માનવાધિકાર ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો હતો તેમને હું એટલું જ કહેવા માંગીશ, જેમના ઘર કાચના હોય તેમણે બીજા પર પથ્થર ન ફેંકવા જોઈએ.

● અનુસંધાન પાન-૭ પર

## અખિલેશ દ્વારા મંત્રીમંડળનું વિસ્તરણ

લખનૌ,તા. ૨૬

ઉત્તર પ્રદેશમાં ચાલી રહેલી રાજકીય ઉથલપાથલ વચ્ચે મુખ્યમંત્રી અખિલેશ યાદવે આજે પ્રધાનમંડળનું વિસ્તરણ કર્યું હતું. સરકારે આઠમી વખત મંત્રીમંડળનું વિસ્તરણ કર્યુ છે. મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ૧૦ લોકોને શપથ લેવડાવવામાં આવ્યા હતા જેમાં ત્રણ બ્રાહ્મણ ચહેરાઓનો સમાવેશ થાય છે. અખિલેશ મંત્રીમંડળમાં ગાયત્રી પ્રસાદ પ્રજાપતિ, શંખલાલ માંઝી, મનોજ પાંડે, શિવકાંત ઓઝા, રિયાઝ અહેમદ, યાસીર શાહ, અભિષેક મિશ્રા, જિયાદુદ્દીન રિઝવી, રવિદાસ મહેરોત્રા અને નરેન્દ્ર વર્માનો સમાવેશ થાય છે. બીજી બાજુ રાજ્યમંત્રી પપ્પુ નિશાદને પડતા મુકી દેવામાં આવ્યા છે. શપથ વિધિ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ઉપરાંત સમાજવાદી પાર્ટીના નેતા મુલાયમસિંહ યાદવ અને શિવપાલ યાદવ પણ ઉપસ્થિત રહ્યા હતા. સમાજવાદી પાર્ટીએ માતાવતીની બ્રાહ્મણો વચ્ચે વધી રહેલી તાકાતને ધ્યાનમાં લઈને આ નિર્ણય કર્યો છે. બ્રાહ્મણ ચહેરા તરીકે મનોજ પાંડે અને શિવકાંત ઓઝાનો સમાવેશ કરાયો છે. અભિષેક મિશ્રાને કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે.

# ઈસરોની વધુ એક સિદ્ધિ



## સ્કેટસેટ-૧ સહિત ૮ ઉપગ્રહ સાથે PSLV સી-૩૫ની સફળ ઉંડાણ : આંધ્રના શ્રીહરિકોટા નજીક સતીષ ધવન કેન્દ્રથી સફળ ઉંડાણ : બધા ઉપગ્રહ પરિભ્રમણ કક્ષામાં ગોઠવાયા

શ્રીહરિકોટા,તા. ૨૬

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો)એ તેની યશકલગીમાં આજે સવારે વધારે એક મોર પીછુ ઉમેરી લીધુ હતુ. મહાસાગર અને હવામાનના અભ્યાસ માટે તૈયાર કરવામાં આવેલા સ્કેટસેટ-૧ અને અન્ય સાત ઉપગ્રહોને લઈને પીએસએલવીસી-૩૫ આજે રવાના થતાં ઉપસ્થિત વૈજ્ઞાનિકો અને એન્જિનિયરોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. સ્કેટસેટ-૧ ઉપરાંત સાત ઉપગ્રહો રહેલા છે જેમાં અમેરિકા અને કેનેડાના ઉપગ્રહોનો સમાવેશ થાય છે. સ્કેટસેટ-૧ ઉપરાંત ઈસરોના ૪૪.૪ મીટર લાંબા પીએસએલવી રોકેટ બે ભારતીય યુનિવર્સિટીના ઉપગ્રહોને લઈને પણ ગયું છે. આ ઉપરાંત ત્રણ ઉપગ્રહો અલ્જીરિયાના છે. એક ઉપગ્રહ અમેરિકા અને કેનેડાના છે. પીએસએલવીસી-૩૫ ચેન્નાઈથી આશરે ૧૧૦ કિલોમીટરના

● અનુસંધાન પાન-૭ પર

## સીતાપુરમાં રોડ શો દરમિયાન રાહુલ ગાંધી પર શૂઝ ફેંકાયું

### શૂઝ ફેંકનાર યુવાનની તરત ધરપકડ કરાઈ : શૂઝ રાહુલની સુરક્ષાને કાપીને તેમની પાછળ રહેલા નેતાને વાગ્યું : ઝડપાયેલા શખ્સની ઓળખ કરી લેવામાં આવી



સીતાપુર,તા. ૨૬

ઉત્તર પ્રદેશમાં કિસાન મહાયાત્રા ઉપર નિકળેલા રાહુલ ગાંધીને આજે સીતાપુરમાં લોકોની નારાજગીનો સામનો કરવો પડ્યો હતો. સીતાપુર જિલ્લામાં આજે એક રોડ શો દરમિયાન કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી ઉપર એક યુવાને શૂઝ ફેંકતા ચકચાર મચી ગઈ હતી. શૂઝ ફેંકનાર યુવાનની પોલીસ દ્વારા તરત જ ધરપકડ કરી લેવામાં આવી હતી. સીતાપુરમાં કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીની કિસાન યાત્રાનો બીજો તબક્કો આજે શરૂ થયો હતો. રાહુલ સીતાપુરના શાંતિનગર વિસ્તારમાંથી રોડ શો

● અનુસંધાન પાન-૭ પર

# ન્યુઝીલેન્ડ સામે ભારતની ૧૯૭ રને ભવ્ય જીત

## રવિચંદ્રન અશ્વિને મેચમાં લીધેલી ૧૦ વિકેટો

કાનપુર,તા. ૨૬

કાનપુરમાં ઐતિહાસિક ગ્રીન પાર્ક મેદાન ખાતે રમાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ધારણા પ્રમાણે જ ભારતે આજે ૧૯૭ રને જીત મેળવી હતી અને શ્રેણીમાં ૧-૦ની લીડ મેળવી લીધી હતી. ભારતે પોતાની ઐતિહાસિક ૫૦૦મી ટેસ્ટ મેચમાં ન્યુઝીલેન્ડને ૧૯૭ રને હાર આપી હતી. આની સાથે જ ટેસ્ટ રેંકિંગમાં ભારતીય ટીમ ફરીવાર નંબર વન થઈ ગઈ છે. જીતવા માટેના ૪૩૫ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ન્યુઝીલેન્ડની ટીમ તેના બીજા દાવમાં લંચ બાદ ૨૩૬ રને ઓલઆઉટ થઈ ગઈ હતી. ન્યુઝીલેન્ડના બીજા દાવમાં રોન્ચીએ સૌથી વધુ ૮૦ રન કર્યા હતા જ્યારે ભારત તરફથી રવિચંદ્રન અશ્વિને મેચમાં ૧૦ વિકેટ ઝડપી હતી.



મિશેલ સેન્ટનરે ૭૧ રન કર્યા હતા. અશ્વિને પાંચમી વખત મેચમાં ૧૦ વિકેટ ઝડપી છે. બીજી ટેસ્ટ મેચ હવે ૩૦મી સપ્ટેમ્બરથી કોલકાતાના ઐતિહાસિક ઈડન ગાર્ડન ખાતે રમાશે. ચોથા દિવસે પોતાના સ્કોર ચાર વિકેટ ૯૩ રનથી આગળ રમતા રોન્ચી અને સેન્ટનરે ઈનિંગ્સને આગળ વધારી હતી. બંનેએ ભારતીય બોલરોને કોઈ તક આપી ન હતી. રોન્ચીએ પોતાની કેરિયરની બીજી અડધી સદી ફટકારી હતી. પ્રથમ એક કલાક સુધી ભારતને કોઈ સફળતા ન મળી હતી.

શાહ મણીલાલ લક્ષ્મીચંદ ચેરીટેબલ ટ્રસ્ટ

મણીલક્ષ્મી મહાતીર્થના નિર્માણ કાર્યની શુભ શરૂઆત થઇ ગઇ છે. આપને યથાશક્તિ યોગદાન આપવા નમ્ર વિનંતી.

સંપર્ક : ૦૯૮૬૭૯ ૧૪૭૨૪




# ભદ્ર કિલ્લાને નવા રૂપરંગ

## ભદ્ર કિલ્લાની પાસેના દબાણો દુર : વર્ષો બાદ દરવાજા ખુલ્યા

અમદાવાદ, તા.૨૬

અમદાવાદ શહેરનો વિશ્વકક્ષાના શહેર તરીકે સમાવવું કે કેમ તેનો નિર્ણય કરવા અંગે યુનેસ્કોની ટીમ અમદાવાદ શહેરમાં આવી ચુકી છે તેવા સમયે ઘણાં વર્ષો બાદ શહેરના કોટ વિસ્તારમાં આવેલા ભદ્રના કિલ્લાની આસપાસના દબાણો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દુર કરાવવામાં આવ્યા છે એટલું જ નહીં પરંતુ કિલ્લાને નવા રંગરોગાન કરી તેના ઉપર લાઈટીંગની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.આ ઉપરાંત પણ શહેરમાં આવેલા અન્ય મોન્યુમેન્ટની આસપાસ મ્યુનિસિપલ તંત્ર દ્વારા લાઈટીંગની વયવસ્થા કરવામાં આવી છે.આ અંગે આધારભૂત સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ,અમદાવાદ શહેરને આગામી વર્ષે માર્ચ મહિનામાં યુનેસ્કો તરફથી જાહેર કરવામાં આવનારી વિશ્વના હેરીટેજ સિટીની યાદીમાં સમાવવા અંગે મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી દાવો કરવામાં આવ્યો હતો.મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી કરવામાં આવેલા દાવાને

● અનુસંધાન પાન-૭ પર










